# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં વરસાદી પાણીના સંગ્રહ માટેની જળ સંચય જન ભાગીદારી પહેલનો સુરતમાં પ્રારંભ કરાવ્યો
- ❖ રાજ્ય સરકારે ગ્લોબલ વોર્મિંગની માનવજીવન પર થતી આડ અસરોને નિયંત્રિત કરવા માટે રાજ્યમાં ગ્રીન બિલ્ડીંગોને પ્રોત્સાહિત કરવા કોમન જી.ડી.સી.આર. પ્રસિદ્ધિ કરવાનો નિર્ણય કર્યો
- ❖ જાહેર સલામતી અને જાહેર હિતને ધ્યાને લઈને રાજ્ય સરકારે ગેમીંગ પ્રવૃત્તિ માટેનાં સ્થળો અંગે નવા નિયમો જાહેર કર્યા
- ❖ રાજ્યભરમાં આજે ગણેશ ચતુર્થી અને સવંત્સરી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે
- ❖ ગીર સોમનાથ જિલ્લામાં લાઇમ સ્ટોન ખનીજ અને સાદી રેતીના ગેરકાયદેસર વહન કરતાં 14 વાહનો સહિત અંદાજિત એક કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો
- ❖ વિશ્વવિખ્યાત તરણેતરના મેળાની સાથે સાથે 19 મી ગ્રામીણ ઓલિમ્પિક સ્પર્ધાનો ગઇકાલથી આરંભ

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Common G.D.C.R

ગ્લોબલ વોર્મિંગની માનવજીવન પર થતી આડ અસરોને નિયંત્રિત કરવાના ઉમદા હેતુથી રાજ્યમાં ગ્રીન બિલ્ડીંગોને પ્રોત્સાહન મળે તે માટે કોમન જી.ડી.સી.આર. પ્રસિદ્ધિ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્યમાં એનર્જી એફીશીયન્ટ બિલ્ડીંગોનું નિર્માણ થઈ શકે તેમજ બાંધકામ ક્ષેત્રમાં કાર્બન એમીશનમાં ઘટાડો થાય તે માટે ગ્રીન બીલ્ડીંગની પ્રવર્તમાન જોગવાઇઓથી મળતા લાભ કરતાં વધારે લાભ મળે તે હેતુથી મુખ્યમંત્રીશ્રીએ CGDCR માં ગ્રીન બિલ્ડીંગોને પ્રોત્સાહિત કરતી જોગવાઈઓ સુનિશ્ચિત કરી છે.

આ જોગવાઇ અનુસાર હાલની ફક્ત GRIHA ક્રમાંકિત સંસ્થા ઉપરાંત IGBC, અને LEED જેવી ક્રમાંકિત સંસ્થા દ્વારા પ્રમાણિત ગ્રીન બિલ્ડીંગને પણ ઇન્સેન્ટીવ FSIનો લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રેટિંગ એજન્સીના રેટિંગના આધારે વપરાયેલ ચાર્જેબલ એફ.એસ.આઇ.ની 7 ટકાથી 12 ટકા સુધીની ચાર્જેબલ એફ.એસ.આઇ. ફ્રી મળે તે અંગે પણ જોગવાઈ કરવામાં આવી છે. તથા ગ્રીન બિલ્ડીંગના નિર્માણ સાથે સંકળાયેલ વિકાસકારોને ગ્રીન બિલ્ડીંગના બાંધકામ માટે પ્રોત્સાહન મળે એવી બાબતોનો ઉલ્લેખ છે. તેમજ ગ્રીન બિલ્ડીંગની જોગવાઇઓનુ પાલન ન કરવાના કિસ્સામાં ઇન્સેન્ટીવ એફએસઆઈની રકમના બમણા દરે દંડ વસુલવાની મહત્વની જોગવાઇ પણ રાજ્ય સરકાર દ્વારા આ જાહેરનામાં અંતર્ગત કરવામાં આવી છે.

---

- મા. ખા / જયેશ વેગડા -(NAVIN)

# GUJ.Gaming Activity

રાજ્ય સરકારે ગુજરાતમાં સ્વતંત્ર અથવા વ્યવસાયિક સંકુલોમાં આવેલા ગેમીંગ એક્ટિવિટી એરિયા એટલે કે, કોમ્પ્યુટર આધારિત રમતોના સ્થળો માટે નવા નિયમોની જાહેરાત કરી છે.

તાજેતરમાં રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિકાંડને પગલે રાજ્યમાં જાહેર સલામતી અને જાહેર હિતને ધ્યાને લઈને આ નિર્ણય લીધો છે. નવા નિયમોમાં ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં અલગ અલગ પ્રવેશ અને નિકાસ, તાકીદની પરિસ્થિતીમાં બહાર નીકળવાનો માર્ગ અને સલામત આશરો લઇ શકાય તેવુ સ્થળ તૈયાર કરવા જેવી જોગવાઇઓ કરવામાં આવી છે. ગેમીંગ ઝોનના સ્થળે ઇમારતના ઉપયોગ માટેનું, અગ્નિશામક દળ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર તથા અન્ય તમામ લાયસન્સ, NOC, પરમિટ વગેરે લોકો સરળતાથી જોઇ શકે તે રીતે પ્રદર્શિત કરવાના રહેશે..

આ ઉપરાંત, સંબંધિત સ્થળોના રસ્તાની પહોળાઈ, લઘુત્તમ વિસ્તાર, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયોનો પણ સમાવેશ થાય છે. પરવાનગી વિના વપરાશ શરૂ કર્યો હોય તેના માટે દંડ લેવાની જોગવાઇ પણ નવા નિયમોમાં કરવામાં આવી છે.

--------------------------------------------------------------------

-રીપીટ

# CM/ RAJYPAL- BLESSING

રાજ્યભરમાં આજે ગણેશ ચતુર્થી અને સંવત્સરીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આજના દિવસે ઘરો અને પંડાલોમાં ભગવાન ગણેશની મૂર્તિની સ્થાપના કરી પૂજા અર્ચના કરવામાં આવે છે. દસ દિવસ સુધી ઉજવાતા ગણેશોસ્તવનું  સમાપન ગણેશજીની મૂર્તિના વિસર્જન સાથે થાય છે.

આજે જૈનોના પવિત્ર તહેવાર સંવત્સરીની ધાર્મિક આસ્થા સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસે દેરાસરમાં વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવે છે. લોકો એકબીજાને મિચ્છામી દૂકડમ કહી વર્ષ દરમ્યાન થયેલી ભૂલોની ક્ષમા યાચના કરે છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગણેશ ચતુર્થી અને સંવત્સરીના પર્વ નિમિત્તે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, સંવત્સરીનું પર્વ ક્ષમા,  શાંતિ અને પ્રેમનો સંદેશ આપે છે. ગણેશ ચતુર્થીના પર્વની શુભેચ્છા પાઠવતાં તેમણે કહ્યું કે, ગણપતિ બાપ્પાના આગમનથી આપણા જીવનના દરેક સંકટનો અંત આવે અને નવા સર્જનની શરૂઆત થાય.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત અને દેશ-વિદેશમાં વસતા સૌ જૈન પરિવારોને મિચ્છામી દુક્કડમ પાઠવ્યા છે. તેમજ ભગવાન શ્રી ગણેશજીની ઉપાસનાના આ પર્વ માટે સુખ-સમૃદ્ધિ માટેની શુભેચ્છા વ્યક્ત કરી છે. દરમ્યાન રાજકોટ શહેરમાં ગણેશ મહોત્સવ નિમિત્તે વિવિધ સ્થળોએ સ્થાપિત ગણપતિજીની મૂર્તિનુ વિસર્જન કરવા પોલીસ કમિશ્નર દ્વારા કેટલાક આદેશો જાહેર કરવામાં આવ્યા છે. આ આદેશો  અનુસાર  સક્ષમ સત્તાધિકારીની પૂર્વમંજૂરી વગર ગણેશ વિસર્જન કે અન્ય ધાર્મિક સરઘસ કાઢી શકાશે નહીં, સક્ષમ સ્થાનિક સત્તામંડળે મૂર્તિ વિસર્જન માટે સુનિશ્ચિત કરેલ સ્થળ સિવાયની કોઈ પણ જગ્યાએ મૂર્તિ વિસર્જન કરી શકશે નહીં અને ધ્વનિ પ્રદુષણ અંગેના જાહેરનામાંને આધીન સ્પીકર તેમજ વાદ્યોનો ઉપયોગ કરવાનો રહેશે.

---

- પીટીસી રાજકોટ ડેસ્ક કરણ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# PM- JAL SANCHAY

રાજ્યમાં વરસાદી પાણીના સંગ્રહ માટેના ખાસ 24 હજાર 800 સ્થળો વિકસાવવાના “જળ સંચય જન ભાગીદારી” પહેલનો ગઈકાલથી આરંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુરતમાં યોજાયેલા રાજ્યકક્ષાના જન ભાગીદારી પહેલના કાર્યક્રમમાં વર્ચુઅલી સંબોધન કરતાં જણાવ્યું કે, જળ સંચય એ માત્ર નીતિ વિષયક મુદ્દો નથી પણ સામાજિક જવાબદારી છે. શ્રી મોદીએ આપણી આગામી પેઢીઓ માટે સાતત્યપૂર્ણ ભાવિ સુનિશ્ચિત કરવા આ કામગીરીમાં જન ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું કે, આપણી ભાવિ પેઢીઓ પાણી પ્રત્યેના આપણા અભિગમના માપદંડના આધારે આપણું મૂલ્યાંકન કરશે. તેમણે જણાવ્યું કે, પાણી એ માનવતાના ભાવિનું જીવન છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોએ જળસંગ્રહ માટે ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી સરદાર સરોવર તથા સૌની યોજના સહિતની વિવિધ યોજનાઓ અને પહેલોની માહિતી આપી હતી. આ પ્રસંગે કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે પણ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું.

---

-રીપીટ

# Seizure of illegal minerals

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભૂસ્તરશાસ્ત્રી ગીર સોમનાથની ક્ષેત્રીય ટીમ દ્વારા વેરાવળ નમસ્તે ચોકડી ખાતેથી 11 ટ્રેક્ટર લાઈમસ્ટોન ખનીજના તેમજ 1 ડમ્પર સાદી રેતી ખનીજના તથા ઉના ભગીરથ હોટલ પાસેથી 1 ટ્રેક્ટર લાઇમ સ્ટોન ખનીજનું અને 1 ડમ્પર કોડીનાર ખાતેથી સાદી રેતી ખનીજના ગેરકાયદેસર વહન કરતા હોવાના કારણે પકડી પાડી જપ્ત  કરવામાં આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે આ કાર્યવાહીમાં લાઇમ સ્ટોન ખનીજના કુલ 12 ટ્રેક્ટર અને સાદી રેતીના કુલ 02 ડમ્પર ગેરકાયદેસર વહન સબબ પકડીને અંદાજિત એક કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે.

---------------------------------------------------------------------

- પીટીસી ગીર સોમનાથ / જયેશ વેગડા

-(NAVIN)

# LOK MELO

વિશ્વવિખ્યાત તરણેતરના લોકમેળાનો ગઈકાલથી પ્રારંભ થયો છે. સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરમાં વિધિવત પૂજન બાદ "૧૯મી ગ્રામીણ ઓલિમ્પિક સ્પર્ધા"નો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે વરસાદી વાતાવરણની વચ્ચે લંગડી, ગોળા ફેંક, લાંબી કૂદ સહિતની વિવિધ સ્પર્ધાઓમાં સ્પર્ધકોએ હોંશભેર ભાગ લીધો હતો.

તરણેતરના મેળામાં પહેલીવાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. લોક કલા અને કલાકારોને પ્રોત્સાહન આપવા માટે વેશભૂષા, છત્રીની સજાવટ, પરંપરાગત ભરતકામ, લોકગીત, લોકવાર્તા, ભજન, દુહા-છંદ સહિતની 24 વિવિધ પરંપરાગત સ્પર્ધાઓ યોજાશે. આ લોકમેળામાં ત્રણ દિવસીય પશુ પ્રદર્શન હરીફાઈ પણ યોજાશે.

બીજી તરફ, દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયા ખાતે પણ મિનિ તરણેતર તરીકે જાણીતા શિરેશ્વર લોક મેળાનો પણ પ્રારંભ થયો છે. નવ સપ્ટેમ્બર સુધી ચાલનારા આ મેળાનું ઉદઘાટન રાજ્યના મંત્રી મુળુભાઇ બેરા અને સાંસદ પુનમબેન માડમે કર્યું હતું.

---------------------------------------------------------------

-રીપીટ

# Amreli Sailor Rescue

અમરેલી જિલ્લામાં જાફરાબાદ બંદર વિસ્તારમાં 8 ખલાસીઓ સાથેની હુસેની નામની બોટ અકસ્માતે પલટી મારતા આ ખલાસીઓના જીવ જોખમમાં મુકાયા હતા પરંતુ ત્યાંથી પસાર થઈ રહેલી અન્ય બોટ દ્વારા આ તમામ ખલાસીઓને બચાવી લેવાયા હતા. જો કે હુસેની નામની બોટ દરિયામાં ડૂબી ગઈ છે.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જાફરાબાદ માછીમાર સમાજ અગ્રણી કનૈયાલાલ સોલંકીને ટાંકીને જણાવે છે કે હુસેની બોટ ડૂબી હતી પરંતુ તેમા સવાર 8 ખલાસીઓને અન્ય બોટની મદદથી  બચાવી લેવાયા છે. જે તમામ ખલાસીઓ સુરક્ષિત આજે જાફરાબાદ આવી પહોંચશે.

-------------------------------------------------------------------

- પીટીસી / જયેશ વેગડા

-(NAVIN)

# Vadodara-Jamnagar Intercity Train

વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ આજથી 18 સપ્ટેમ્બર સુધી વડોદરા રેલવે સ્ટેશનના બદલે બાજવા સ્ટેશનથી શરૂ થશે.

પશ્ચિમ રેલવેના વડોદરા સ્ટેશનના ચાર નંબરના પ્લેટફોર્મ પર એન્જિનિયરિંગના કામ માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસને અસર થશે. આ ટ્રેન આજથી 18 સપ્ટેમ્બર, 2024 સુધી બાજવા સ્ટેશનથી ઉપડશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

---------------------------------------------------------------------

- પીટીસી રાજકોટ / જયેશ વેગડા -(NAVIN)

# RAIN

રાજ્યમાં વરસાદી માહોલ હજુ પણ પ્રવર્તમાન છે. ગઈકાલે નોંધાયેલા આંકડાઓ મુજબ ભાવનગરના મહુવામાં પોણા ઇંચ, જયારે જેસરમાં સવા ઇંચ વરસાદ નોંધાયો છે. તો નર્મદામાં પણ અતિભારે વરસાદ નોંધાયો હતો.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધી દિપક જગતાપ જણાવે છે કે, નર્મદામાં ધોધમાર વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સ્ટેશન રોડ, દરબાર રોડ અને કાછીયાવાડ વિસ્તારમાં મુખ્યમાર્ગો પર અતિભારે વરસાદને કારણે વાહન વ્યવહાર ખોરવાયો હતો.

દરમિયાન હવામાન વિભાગે આજે મહીસાગર અને દાહોદ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરી છે.

------------------------------------------------------------------

-પીટીસી, ભાવનગર, નર્મદા, હર્ષ -(NAVIN)

# Women's Awareness

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા મિશન શક્તિ યોજના અંતર્ગત 100 દિવસના વિશેષ જાગૃતિ અભિયાન સહ કમ એનરોલમેન્ટ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે લોક નિકેતન વિદ્યાવિહાર રાણીપ ખાતે મહિલા કેન્દ્રિત કાયદાઓ અને સાયબર ક્રાઈમ અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજવામાં યોજાઇ ગયો. જેમાં મહિલા કેન્દ્રિત કાયદાઓ અને મહિલા કલ્યાણકારી અને સુરક્ષાની યોજનાઓ અંગે શાળાના વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી.

સાયબર ક્રાઈમના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. જેમાં તેમણે સાયબર બુલિંગ, સાયબર હેકિંગ, માલવેર અને આઈ.ટી. એક્ટ-2000 વિશે માહિતી આપી હતી.આ કાર્યક્રમ શાળાના ધોરણ 9થી 12 સુધીના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

---

- ઇન્ફો કારણ -(NAVIN)

# surat-road repair

માર્ગ અને મકાન વિભાગ દ્વારા સુરત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં 26.53 કિલોમીટરની લંબાઇના રોડ રસ્તાઓની મરામત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત ઓલપાડ ખાતે 500 મીટરના રોડ પર ડામર પેચ કરવાની કામગીરી પૂર્ણ કરાઇ છે. આજથી જિલ્લાના બાકી રહેતા રોડ -રસ્તાઓ પર ડામર પેચની કામગીરી શરૂ કરાશે.

-----------------------------------------------------------------------

- ઇન્ફો કરણ

-(NAVIN)